# સરકારે ઉચ્ચશિક્ષણમાં ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવી જોઈએ

ઝીરો એટ્લે શૂન્ય. બિલકુલ નહીં. ટોલરન્સ એટ્લે સહિષ્ણુતા-સહનશીલતા- સહન કરવાની શક્તિ. આ રીતે જોતાં ઝીરો ટોલરન્સ એટ્લે બિલકુલ સહન ન કરવું. સહેજ પણ સહિષ્ણુતા ના દાખવવી. હવે પ્રશ્ન એ થાય કે, આવું શા માટે કરવું પડે ? કોની સામે કરવું પડે ? તો જવાબ એ આપી શકાય કે, જ્યાં શિસ્ત અને નિયમોની વાત આવે છે ત્યાં તેનો ચૂસ્ત અમલ થાય તેટલા માટે આ નીતિ અપનાવવામાં આવે છે. શૂન્ય સહિષ્ણુતા નીતિમાં અનિચ્છનીય આચરણને દૂર કરવાના હેતુથી, નિશ્ચિત નિયમના ભંગ બદલ કડક સજા કરવામાં આવે છે. જેમાં વ્યક્તિ કોણ છે ? સંજોગો કે પરિસ્થિતિ કેવી છે ? પહેલાનો ઇતિહાસ શું હતો ? વગેરે ધ્યાનમાં લીધા વિના નિર્ધારિત સજા કરવામાં આવે છે. આમ પણ વ્યક્તિ કાયદાનું પાલન ત્યારે જ કરે છે, જ્યારે તેને કાયદા માટે પ્રેમ હોય અથવા તો ડર હોય. પણ આ બંને બાબતોને બાજુમાં મૂકીને વ્યક્તિ જાણતો હોય છે કે, પોતે કાયદાનો ભંગ કરી રહ્યો છે અને છતાં પણ તે કાયદો તોડે ત્યારે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવે છે.

અત્યારે ભારતમાં કશ્મીરમાં આતંકવાદીઓ સામે ભારતે આ નીતિ જ અપનાવેલ છે. આતંકવાદી કોઈ આતંકભર્યું કૃત્ય કરે એટ્લે તેના માટે કોઈપણ પ્રકારની સહાનુભૂતિ દાખવ્યા વગર તેને કડકમાં કડક શિક્ષા કરવામાં આવે છે. આમ ઝીરો ટોલરન્સ નીતિને કારણે આવું કૃત્ય કરનારમાં એક જાતનો ભય ઊભો કરવામાં આવે છે કે, કાયદો તોડીશ તો આકરી સજા થશે જ. આવી નીતિ અન્ય ક્ષેત્રોમાં પણ અજમાવવામાં આવે છે. આમછતાં નિયમ તોડનાર પ્રત્યે જ્યારે સહાનુભૂતિ દાખવવામાં આવે ત્યારે તેનું લુચ્ચું મનોબળ વધારે મજબૂત બને છે અને તે જોઈને કે સાંભળીને અન્ય વ્યક્તિ પણ તેવું કૃત્ય કરવા પ્રેરાય છે. જ્યારે કોઈ ચોક્કસ બાબતે વારંવાર કાયદાનો ભંગ કરવામાં આવતો હોય ત્યારે આવી નીતિ અજમાવવામાં આવે છે. પણ ક્યારેક ભ્રષ્ટાચાર કે પરિચિતવાદને કારણે ગૂનેગાર છૂટી જતો હોય છે. ઝીરો ટોલરન્સ નીતિ જો વિવિધ બાબતોમાં અજમાવવામાં આવે તો ઘણી સમસ્યા હળવી થાય. જેમકે, ટ્રાફિક, છેતરપિંડી, શિક્ષણ, આરોગ્ય, પોલીસ, લાંચરુશવત, કામની ગુણવત્તા અને નિયમિતતા વગેરે બાબતે. એટ્લે કે, તમારી ફરજ તમે નિભાવો નહીં તો તમારા પ્રત્યે સહેજ પણ સહિષ્ણુતા દાખવ્ય વગર, કોઈપણ જાતના દબાણમાં આવ્યા વગર કડક શિક્ષા કરવામાં આવશે જ. આપણાં દેશમાં આમ નહીં થવા પાછળ ઘણાં કારણો છે. જેથી બદલાવ લાવવો જરૂરી છે. આપણે સૌ કહીએ છીએ કે, પરદેશમાં લોકો કાયદાનું પાલન ચૂસ્તપણે કરે છે. કારણકે, ત્યાંનાં લોકોને કાયદા માટે પ્રેમ પણ છે અને ભય પણ છે. જે આપણા દેશમાં ઓછા પ્રમાણમા જોવા મળે છે. જો કાયદા માટે ભય હોય તો કાયદો તોડવાની હિંમત જ નહીં વિચાર પણ ના આવે.

શું શિક્ષણમાં ઝીરો ટોલરન્સ નીતિનો ઉપયોગ કરવો જોઈએ? તો એવું લાગે છે કે, શાળા કક્ષાએ તેનો ઉપયોગ ના કરીએ. કારણકે, શાળા કક્ષાએ અભ્યાસ કરતા બાળકોની ઉમર અને સમજ ઓછી હોય છે. એક સંશોધન જણાવે છે કે, શૂન્ય સહનશીલતા નીતિઓ શાળાઓને વધુ સુરક્ષિત બનાવે છે પરંતુ બાળકોનું શાળા છોડી દેવાનું જોખમ વધે છે. ઉપરાંત કિશોરાવસ્થા-ન્યાયતંત્ર સાથેની ભવિષ્યની સંડોવણી જોખમમાં મૂકે છે. પરંતુ કોલેજ કક્ષાએ તેનો અમલ કરવાની જરૂરિયાત અત્યારના સંજોગો જોતાં ઊભી થઈ હોય તેમ લાગે છે. આજે ઉચ્ચશિક્ષણમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓના વર્તનવ્યવહારની નકારાત્મક અસર વર્ગખંડ શિક્ષણ પર અને સાથે અભ્યાસ કરતાં અન્ય વિદ્યાર્થીઓ પર પડી રહી છે. કેટલાક અભ્યાસક્રમ એવા છે કે, જેમાં તાલીમની જરૂર હોય છે, જેથી વિદ્યાર્થીએ નિયમિત હાજર રહીને જ અભ્યાસ કરવો પડે. માત્ર વાંચીને ડિગ્રી ન મેળવાય કે ન

અપાય. જેમકે, ડોક્ટર, શિક્ષક, ડ્રાઈવર, રમતગમત, ફાયરબ્રિગેડ વગેરે. તો આવા અભ્યાસક્રમમાં અનિયમિત આવતા વિદ્યાર્થી પ્રત્યે સહાનુભૂતિ શા માટે દાખવવી જોઈએ? તે ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને તેમનો પ્રવેશ રદ કરી જ દેવો જોઈએ. આ માટે વિદ્યાર્થીને સાંભળવાની તક પણ શા માટે આપવાની હોય? તાલીમની જરૂર છે ? નિયમિત આવો અને તાલીમ લો. અનિયમિત આવવા પાછળના વિદ્યાર્થીના જે પણ કારણ હોય તેનો અસ્વીકાર જ કરવો જોઈએ. એ જ રીતે પરીક્ષામાં ચોરી કરતાં પકડાય તો તે માટે પણ ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને કડક શિક્ષા કરવી જ જોઈએ. કારણકે તે જાણે જ છે કે ચોરી કરવી એ ગૂનો છે અને છતાં કરે છે તો તેના માટે સહાનુભૂતિ હોઇ જ ના શકે. હા, આ બાબતે કેટલાક બોર્ડ કે યુનિવર્સિટી ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવા લાગ્યા છે. જે સારી બાબત ગણાય. આ ઉપરાંત કોલેજ કેમ્પસમાં દાદાગીરી કરીને અધ્યાપકો કે વિદ્યાર્થીઓ સાથે ખરાબ વર્તન કરતા વિવિદ્યાર્થીઓ સાથે પણ ઝીરો ટોલરન્સ નીતિ અપનાવી કોલેજમાંથી કાઢી મૂકવાની સાથે બીજી કડક શિક્ષા પણ કરવી જરૂરી છે. જેથી લુખ્ખા તત્વો આવા કૃત્યથી દૂર રહે. કોલેજ કેમ્પસમાં કે વર્ગખંડોમાં ભૌતિક સુવિધાઓને નુકશાન કરનાર વિદ્યાર્થી પ્રત્યે પણ શા માટે સહાનુભૂતિ હોવી જોઈએ ? ત્યાં પણ ઝીરો ટોલરન્સ નીતિનો ઉપયોગ કરવામાં આવશે તો વર્ષે દહાડે આ રીતે થતાં લાખો રૂપિયાના નુકશાનને અટકાવી શકાશે, સંસ્થાઓ સુરક્ષિત રહેશે અને શિક્ષણકાર્ય પણ નહીં બગડે. કોલેજ કેમ્પસમાં રોફ જમાવતા, બાઇક પર બેસીને સિગારેટના ધૂમાડા કાઢતા કે અભદ્ર વર્તન અને અપશબ્દો બોલતા વિદ્યાર્થીના વર્તનને શા માટે સ્વીકારવું જોઈએ? ઉપરોક્ત બાબતો સંસ્થા, સમાજ અને સરકાર દ્વારા સ્વીકારી લેવામાં આવી છે માટે જ આવી ઘટનાઓ કે દ્રશ્યો કોલેજ કેમ્પસ્મા સ્વાભાવિક થઈ ગયાં છે. જે અટકાવવાની હવે તાતી જરૂરિયાત ઊભી થઈ છે. હકીક્તમાં મોટાભાગના વિદ્યાર્થી કોલેજમાં ભણવા આવે છે, જ્યારે ઓછી સંખ્યામાં કેટલાક વિદ્યાર્થીઓ ભણવા સિવાયની પ્રવૃત્તિ કરવા આવે છે. આ ઓછી સંખ્યાવાળા વિદ્યાર્થીઓ જ કોલેજ કેમ્પસ પર  કાબૂ ધરાવે છે. જેમને રોકવાની ફરજ સરકારે પોતાના શિરે લેવી પડશે. જો સંસ્થા પર છોડવામાં આવશે તો તે કારગત નહીં જ નીવડે. જો સંસ્થાઓ આ કામ કરી શકતી  હોત તો કોલેજમાં દેખાતા ખરાબ દ્રશ્યો અત્યારે ના દેખાતા હોત.

શિક્ષણ દ્વારા જ વ્યક્તિમાં સંસ્કાર અને શિસ્તનું સેવન કરી શકીશું. ભવિષ્યના ઉજ્જવળ અને સમૃદ્ધ સમાજ માટે શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાના યોગદાનને બિરદાવી સરકારે શિક્ષણમાં જ્યાં જરૂર છે ત્યાં ઝીરો ટોલરન્સ નીતિ અપનાવવી જોઈએ. જો આ કામ સરકાર દ્વારા અત્યારના સમયે નહીં કરવામાં આવે તો શાળાકોલેજોને  ગુંડાના અડ્ડા બનતા કોઈ નહીં અટકાવી શકે. અત્યારે નાની લાગતી આ વાત ભવિષ્ય માટે ખૂબ જ મહત્વની બની રહેશે. આપણાં દેશમાં મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓનું વાતાવરણ શિક્ષણને શોભે તેવું નથી. ત્યારે આમ થવા પાછળના કારણો શોધી, જરૂર જણાય ત્યાં ઝીરો ટોલરન્સ નીતિ અપનાવીને શિક્ષણ અને ભણવા આવતા વિદ્યાર્થીઓ બંનેને બચાવવાની જરૂરિયાત છે. પ્રાથમિક શાળામાં ભણતા બાળકમાં રહેલી શિસ્ત આગળ જતાં ક્રમશઃ ઘટતી જાય છે. કોલેજમાં આવે ત્યારે ઘણીવાર શિસ્ત કે સંસ્કાર કે અભ્યાસ માટેની જાગૃતિ ઝીરો થઈ જાય છે. માટે જ ઉચ્ચશિક્ષણમાં ઝીરો ટોલરન્સ નીતિની જરૂર ઊભી થઈ છે. પરદેશમાં થયેલા સંશોધન જણાવે છે કે, શૂન્ય સહિષ્ણુતા નીતિ વિદ્યાર્થીઓ માટે વર્તણૂકના ધોરણને સ્થાપિત કરવા માટે ઉપયોગી થઈ શકે છે. શૂન્ય સહનશીલતા નીતિ વિદ્યાર્થીઓ અને શાળાઓ માટે સારી છે. આપણી કહેવત ‘સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ’ પણ ઝીરો ટોલરન્સ નીતિને સમર્થન આપે છે. ‘ભય વગર ભાન નહીં’ નો સ્વીકાર કરી જરૂર જણાય તેવી બાબતોમાં શૂન્ય સહિષ્ણુતા નીતિનો ઉપયોગ કરવા સરકારે પહેલ કરવી જોઈએ.